# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગઅમદાવાદ ,આકાશવાણી ,

**Date : 15-12-2024 Day:Sunday Morning : 6.50 to 6.55 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફીક સમા** વાંચે છે.

---

## PM – લોકસભા માં સંબોધન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બંધારણને દેશની એકતાનો આધારસ્તંભ ગણાવીને જણાવ્યું છે કે, તેમની સરકારની નીતિઓ દેશની એકતા વધુ મજબૂત બનાવવા માટેની છે. ગઈકાલે લોકસભામાં બંધારણના 75 વર્ષ નિમિત્તે યોજાયેલા ખાસ ચર્ચા સત્રમાં જવાબ આપતા તેમણે આ મુજબ જણાવ્યું હતું

દેશની એકતા મજબુત બનાવવા એનડીએ સરકારે જમ્મુ અને કાશ્મીરમાં 370 કલમ નાબુદ કરવી અને એક દેશ – એક વેરો નીતિ અંતર્ગત જીએસટીનો અમલ કર્યો છે.

બંધારણને સમગ્ર દેશ માટે ગૌરવની બાબત ગણાવીને શ્રી મોદીએ તેમની સરકારે ખેડૂતો અને મહિલાઓના વિકાસ માટે લીધેલા પગલાંઓની વિગતો આપી હતી.

-----------------------------------------------------------------------------------

## બંધારણના 75 વર્ષ કિરણ રિજીજુનું સંબોધન

લોકસભામાં ભારતીય બંધારણના 75 વર્ષ અંગેની ખાસ ચર્ચા ગઈકાલે પણ જારી રહી હતી.કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજીજુએ દેશના બંધારણની રચનામાં ડોક્ટર બાબાસાહેબ આંબેડકરના યોગદાનની વિગતો આપીને તેમની કામગીરીને બિરદાવી હતી. તેમણે કહ્યું કે, દેશને આઝાદી મળ્યા બાદ દરેક

નાગરિકને સમાન અધિકાર મળે એ બાબત સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. બંધારણની આ ભાવનાને કેન્દ્રમાં રાખીને નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની સરકાર સબ કા સાથ સબ કા વિકાસ મંત્રને અપનાવી આગળ વધી રહી છે.

ચર્ચામાં ભાગ લેતા વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ બેરોજગારી, અગ્નિવીર યોજના તેમજ ખેડૂતો સામે કહેવાતી કડક કાર્યવાહી જેવા મુદ્દાઓ ગૃહમાં રજૂ કર્યા હતા.

---------------------------------------------------------------------------------

## અગ્રસચિવોની નવી દિલ્લીમાં બેઠક :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં યોજાઈ રહેલી અગ્રસચિવોની ચોથી રાષ્ટ્રીય પરિષદમાં ગઈકાલે અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, તેઓ આજે

પરિષદમાં સંબોધન કરશે. ત્રણ દિવસની આ પરિષદનો ગઈકાલથી આરંભ થયો છે જેમાં વિકાસનો એકસમાન એજન્ડા લાગુ કરવો અને રાજ્યોની સાથે સુમેળ સાધીને વિકાસની રૂપરેખા તૈયાર કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરાઈ રહ્યું છે.

આ પરિષદમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચેની ભાગીદારી વધુ મજબુત બનાવવાના પ્રયાસો થશે. આ પરિષદમાં બધા જ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના અગ્રસચિવો, વરિષ્ઠ અધિકારીઓ અને આ ક્ષેત્રના નિષ્ણાંતો ભાગ લઈ રહ્યા છે.

---------------------------------------------------------------------------------

## ભુપેન્દ્ર પટેલ ની કચ્છ ની મુલાકાત :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ધોરડો સફેદ રણની મુલાકાતે આવશે. મુખ્યમંત્રીશ્રી પટેલ ધોરડો ખાતે ક્રાફ્ટ બજાર/ફૂડ બજારની મુલાકાત લઈને પૂનમની

**રમણીય સાંજે સફેદ રણને નિહાળશે. ત્યારબાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સફેદ રણના કલ્ચરલ પ્રોગ્રામમાં સહભાગી થઈને વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓને નિહાળશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ભારતીય ટપાલ વિભાગના 'રણોત્સવ ૨૦૨૪-૨૫' થીમ આધારિત સ્પેશિયલ પોસ્ટલ કવર અને સ્પેશિયલ કેન્સલેશનનું વિમોચન કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સાથે આ મુલાકાત દરમિયાન પ્રવાસન મંત્રી મુળુભાઇ બેરા ઉપસ્થિત રહેશે.**

---------------------------------------------------------------------------------

## NHAI સાથી એપ:

ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ – NHAI એ ધોરીમાર્ગો પર સલામતી વ્યવસ્થા મજબૂત કરવા રાજમાર્ગ સાથી નામના અદ્યતન પેટ્રોલિંગ વાહનો શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

આ વાહનોમાં સંદેશા વ્યવહારના અદ્યતન સાધનો અને સલામતી માટેના ઉપકરણો રહેશે. રાજમાર્ગ સાથી પર રહેલ એ.આઈ. આધારિત વીડિયો કેમેરાઓ મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવાની સાથે સાથે ધોરીમાર્ગ પર મૂકાયેલા વિવિધ માહિતી દર્શક બોર્ડ તથા અન્ય માળખાકીય અસ્કયામતોની માહિતી પણ મેળવશે.

---------------------------------------------------------------------------------

## મેડીકલ સ્ટોર સાઈન બોર્ડ:

ગુજરાત સરકારે ખાનગી હોસ્પિટલના દર્દીઓને હોસ્પિટલના જ મેડિકલ સ્ટોરમાંથી દવા ખરીદવા ફરજ પાડી શકશે નહીં તેવો નિર્દેશ આપ્યો છે. તંત્રે અહીંથી દવા ખરીદવી ફરજીયાત નથી ” તેવા સાઈન બોર્ડ લગાવવાનો પણ ખાનગી હોસ્પિટલોને નિર્દેશ આપ્યો છે.

---

## શાળામાં સ્વેટર નું દબાણ:

શિયાળાની કડકડતી ઠંડીમાં કેટલીક શાળાઓ હજુ પણ વિદ્યાર્થીઓને અમુક જ રંગ વાળા સ્વેટર પહેરવાનું દબાણ કરી રહ્યાં હોવાની માહિતી શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફૂલ્લ પાનશેરિયાને મળી હતી.. ત્યારે આ મામલે તેમણે પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે આવી શાળાઓ સામે જીલ્લા શિક્ષણાધિકારી કાર્યવાહી કરશે.. આ મામલે સરકાર દ્વારા તમામ જીલ્લા શિક્ષણાધિકારીઓને સૂચના આપવામાં આવી છે

---

## તાપમાન:

કચ્છમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છેત્યારે .રાજ્ય માં નલિયામાં ગઈકાલે ૬ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે રાજ્ય માં સૌથી મોખરે રહ્યું હતું. જ્યારે કંડલા માં ૮.૨ ડીગ્રી નોધાયું.અને ભુજનું લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડિગ્રી નોંધાયું છે.

---

## ક્રિકેટ:

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બ્રિસ્બેનમાં ગઈકાલથી શરુ થયેલી ત્રીજી ક્રિકેટ ટેસ્ટ મેચના પહેલા દિવસની રમત 13 ઓવર બાદ વરસાદના કારણે બંધ રાખવાની ફરજ પડી છે. ઓસ્ટ્રેલિયાએ 13 ઓવરમાં વિના વિકેટે 28 રન નોંધાવ્યા છે. ઉસ્માન ખ્વાજા 19 રન સાથે અને નાથન ચાર રન સાથે રમતમાં છે. ભારતના સુકાની રોહિત શર્માએ ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારતે તેની ટીમમાં આર. અશ્વિન અને હર્ષિલ રાણાના બદલે રવિન્દ્ર જાડેજા અને આકાશદીપને રમવાની તક આપી છે.

---